# BUSINESS મિત્ર

### સપ્તાહના અંતિમ દિવસે બેઉતરફી વધઘટે ભારતીય શેરબજાર અથડાતું રહ્યું

# સેન્સેક્સ-નિફ્ટી સ્થિર, પણ રોકાણકારોના 96,500 કરોડ ધોવાયા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 21:** સપ્તાહના અંતિમ દિવસે ભારતીય શેરબજાર સપાટ રહ્યું હતું. જેમાં સેન્સેક્સ 3 પોઈન્ટ અને નિફ્ટી 20 પોઈન્ટ જેટલા વધ્યા હતા, એટલે કે સપાટ બંધ રહ્યા હતા. જેમાં રોકાણકારોએ રૂ. 96547 કરોડ રૂપિયા ગુમાવ્યા છે.

સપ્તાહના અંતિમ દિવસના કારણે વૈશ્વિક અનિશ્ચિતતાઓ, ક્રુડ ઓઈલના ઉંચા ભાવ અને યુએસ બજારના ઘટાડા વચ્ચે રોકાણકારોએ સાવેચતીભર્યુ વલણ અપનાવ્યું હતું. જોકે, ઉંચા ક્રુડ ઓઈલના ભાવ વચ્ચે ડોલર નબળો રહેતા રૂપિયામાં અસર રહી નહતી અને રૂપિયો નજીવો સુધર્યો હતો.

સેકટર વાઈઝ જોઈએ તો પ્રાઈવેટ બેન્ક, મેટલ અને રિયલ્ટી શેરોમાં સુધારો જોવાયો હતો, જ્યારે એફએમસીજી, ઓટો અને કેમિકલ શેરો ઘટ્યા હતા.

બીએસઈ સેન્સેક્સ 3.11 પોઈન્ટ એટલે કે 77540.83 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77725 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77445 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. જ્યારે નિફ્ટી 20.15 પોઈન્ટ એટલે કે 0.08 ટકા વધીને 24250 પોઈન્ટની ઉપર એટલે કે 24252 પોઈન્ટા સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24284 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24206 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 266.05 પોઈન્ટ એટલે કે 0.46 ટકા વધીને 57561.95 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે જેબીએમ ઓટોમાં 22.47 ઘણા, વેલસ્પન કોર્પમાં 15.67 ગણા, આઈઆઈએફએલ ફાઈ.માં 7.42 ગણા, એનસીસીમાં 7.37 ગણા અને મહારાષ્ટ્ર સીમલેસમાં 5.34 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે જેબીએમ ઓટોમાં 58.26 ગણા, વેલસ્પન કોર્પમાં 26.38 ગણા, એનસીસીમાં 13.17 ગણા, જિન્દાલ સો લિ.માં 11.22 ગણા, કારટ્રેડ ટેકમાં 8.71 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેકસ 0.12 ટકા અને સ્મોલકેપ ઈન્ડેકસ 0.31 ટકા સુધારા જોવાયા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યા હતા. બીએસઈ ખાતે 2250 શેરો વધ્યા હતા, જ્યારે 2092 શેરો ઘટ્યા હતા અને 243 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી મીડિયા ઈન્ડેકસ 0.91 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેમાં નેટવર્ક 18 મીડિયા, ઝી એન્ટર, સારેગામા ઈન્ડિયા, પીવીઆર આઈનોક્સ, પ્રાઈમ ફોકસ અ હેથવે કેબલ વધ્યા હતા. બીજી તરફ, સન ટીવી નેટવર્ક, ટીપ્સ મ્યુઝીક અને ડીબી કોર્પમાં ઘટાડો જોવાયા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન અને એશિયન બજારોમાં સુધારો જોવાયો હતો. ટેકનોલોજી અને કોમોડિટી લિંકડ શેરોમાં સુધારો, નબળા ડલર અને પ્રાધેશિક આર્થિક પ્રવૃત્તિમાં સ્થિતિસ્થાપકતાના સંકેતોને ટેકો આપ્યો હતો. જોકે, ક્રુડ ઓઈલના વધેલા ભાવ મીડલ ઈસ્ટમાં ભૌગોલિક રાજકીય તણાવને કારણે રોકાણકારો સાવચેત રહ્યા હતા. જાપાનમાં કોર કન્ઝ્યુમર ફુગાવો જુનમાં 1.6 ટકાથી વધીને જુલાઈમાં વાર્ષિક ધોરણે 1.8 ટકા થયો છે. જે જાન્યુઆરી પછીની સૌથી ઝડપી ગતિને દર્શાવે છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.18 ટકા, કેક 0.13 ટકા અને ડેક્સ 0.34 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં સ્ટ્રેઈટસ 0.30 ટકા, હેંગસેંગ 1.28 ટકા, તાઈવાન 0.64 ટકા, કોસ્પી 0.87 ટકા, જકાર્તા 0.37 ટકા અને શાંઘાઈ 0.04 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે નીક્કી 0.60 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયો સપાટ રહ્યો

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયામાં સપાટ વલણ જોવાયું હતું. ડોલરની સામે રૂપિયો એક પૈસા સુધરીને 95.71ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.72ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.71 રૂ. |
| યુરો | 112.57 રૂ. |
| પાઉન્ડ | 131.08 રૂ. |
| યેન | 0.6035 રૂ. |

અન્ય કરન્સીઓમાં યુરો 112.57, પાઉન્ડ 131.08, કેનેડિયન ડોલર 69.84, ઓસ્ટ્રેલિયન ડોલર 68.89, જાપાનીઝ યેન 0.6035 અને સીંગાપોર ડોલર 75.34ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 3.11 | 77540.83 |
| નિફ્ટી | 20.15 | 24252.00 |
| બેન્ક નિફ્ટી | 266.00 | 57761.95 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| પાવરગ્રીડ | 2.87 | 272.40 |
| એચડીએફસી લાઇફ | 2.36 | 554.80 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 1.37 | 402.80 |
| નેસલે ઇન્ડિયા | 1.31 | 1477.10 |
| ભારત ઇલે. | 1.12 | 414.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મારૂતિ સુઝુકી | 1.77 | 13565.00 |
| ટ્રેન્ટ | 1.55 | 2924.00 |
| એચસીએલ ટેકનો | 1.21 | 1302.50 |
| ઇન્ટરગ્લોબ | 1.06 | 5110.00 |
| ઇન્ફોસીસ | 0.80 | 1121.00 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| પાવરગ્રીડ | 2.66 | 272.30 |
| ભારત ઇલે. | 1.17 | 413.50 |
| કોટક બેન્ક | 1.08 | 402.80 |
| એનટીપીસી | 0.61 | 230.05 |
| બજાજ ફિનસર્વ | 0.60 | 2028.65 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 1.53 | 2922.50 |
| મારૂતિ સુઝુકી | 1.51 | 13580.00 |
| ઇન્ટરગ્લોબ | 1.35 | 5092.85 |
| એચસીએલ ટેકનો | 1.21 | 1304.00 |
| એચયુએલ | 0.96 | 2017.00 |

# રાજકીય પક્ષોને આપેલ દાન ક્યારે બાદ મળે?

**ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ**

આવકવેરા કાયદાની કલમ - 80 GGC અન્વયે સ્થાનિક સત્તા કે કૃત્રિમ શખ્સ જે સરકાર ફંડીગ આધારિત હોય તે સિવાયના શખ્સો દ્વારા રાજકીય પક્ષોને આપેલ ફાળો - દાન બાદ મળવાને પાત્ર છે. આપેલ રકમના 100% બાદ મળવા પાત્ર છે. રાજકીય પક્ષ Representative of the people act 1951ની કલમ - 29A અન્વયે રજીસ્ટર્ડ નહિ હોય તો તેને આપેલ દાન બાદ મળવાપાત્ર નથી. રોકડ સિવાયમાં દાન આપી શકાય. રસીદ કે સર્ટીફીકેટ હોવું જરૂરી.

**સુરત ટ્રીબ્યુનલનો ચૂકાદો**

સુરત ટ્રીબ્યુનલે જયેશકુમાર ગોપાલભાઈ અકબરી વિ. ડે. કમિ. ઓફ ઈન્કમટેક્ષના કેઈસમાં કરદાતાએ રાજકીય પક્ષને આપેલ દાનની કંપાતને મકારી છે. આદારણી દરમ્યાન આવકવેરા અધિકારીએ જોયું કે કરદાતાએ પોતાની વાર્ષિક ગ્રોસ આવક 1.08 કરોડમાંથી રૂા.50 લાખ અમાન્ય (Unrecognised) પાર્ટને ચૂકવેલ છે. આવા દાનની સત્યતા (Genuinness) તપાસવા આવકવેરા અધિકારીએ કલમ - 133 (6) હેઠળ રાજકીય પક્ષને નોટીસ બજાવી. વધુમાં રાજકીય પક્ષને તેઓના વાર્ષિક ઓડિટેડ હિસાબો અને દાન સંબંધી રીપોર્ટ ચીફ ઈલેકશન કમિશ્નર સમક્ષ રજૂ કર્યા નથી તે સંબંધી લખ્યું.

ત્યારબાદ આવકવેરા અધિકારીએ કરદાતાને ફરીથી નોટીસ મોકલીને દાનની સત્યના સાબિત કરવા કહ્યું કારણ કે રાજકીય પક્ષે પોતાના બેંક સ્ટેટમેન્ટ અને ફોર્મ - 24 ઈલેકશન કમિશન સમક્ષ રજૂ કરેલ નથી. આ કારણસર કરદાતાના જવાબથી અસંતૃષ્ટ આવકવેરા અધિકારીએ દાનની આપેલ રકમની કપાત નામંજૂર કરી.

ટ્રીબ્યુનલ સમક્ષની આ અપીલમાં આદારણી અધિકારી સમક્ષ રજૂ કરેલ વિગતો પુરાવા સિવાય વધુ સચોટ કોઈ માહિતી રજૂ કરી નથી. આદારણી અધિકારીના શંકા બાબતે કોઈ જવાબ આપ્યો નથી. રાજકીય પક્ષના બેંક ખાતાની વિગત આપી નથી. આ પક્ષ કેવી રીતે સંપર્કમાં આવ્યો તે જણાવ્યુ નથી. દાનની રસીદ છે પણ ડોક્યુમેન્ટ ચકાસણી યાદી નથી.

**દિલ્હી - અમદાવાદ ટ્રીબ્યુનલ**

દિલ્હી ટ્રીબ્યુનલે આશિષ દુબેના કેઈસમાં કરદાતાએ રાષ્ટ્રીય કોમી એકતા પક્ષને આપેલ ડોનેશન કપાત મંજૂર કરી છે. કરદાતાએ રજૂ કરેલ પૂરાવાથી રજીસ્ટર્ડ પક્ષને આપેલ દાન સિધ્ધ થાય છે. તે રાજકીય પક્ષ દ્વારા રજૂ થયેલ રીટર્ન સહિત કરદાતાના બેંક સ્ટેટમેન્ટ ત્યા ડોનેશન રસીદ આપી છે હવે તે રાજકીય પક્ષ એકાઉન્ટમાં કેવી રીતે બતાવે છે તે કારણસર કપાતને ઈન્કાર થઈ શકે નહિ

અમદાવાદ ટ્રીબ્યુનલે આર્મી ઈન્ફોટેકમાં કરદાતાની તરફેણમાં અને રાકેશ બાબુભાઈ પાહરીયામાં વિરૂધ્ધમાં ચૂકાદાઓ આપ્યા છે.

જો કે સામાન્ય ફરિયાદ એવી છે કે આ કલમ હેઠળ દુરૂપયોગ (misuse) થાય છે. અને સાચું સાબિત થતું નથી. ખાસ કરીને પગારદાર કરદાતા માટે પગારની રકમ માંથી અપાતા ડોનેશનનો ટેક્ષ બચાવવા માટે જ હોય છે. એવો ખાતાનો અભિગમ રહે છે. અને અન્ય રીતે પૈસા પાછા મળી જાય છે.

# $1.8 બિલિયનનો રેકોર્ડ ઓર્ડર મળતાં વેલસ્પન કોર્પના શેરમાં 15%નો તોફાની ઉછાળો

**યુએસ** તરફથી મળેલા અત્યાર સુધીના સૌથી મોટા કોન્ટ્રાક્ટથી ગ્લોબલ ઓર્ડર બુક $4.4 બિલિયને પહોંચી; કંપનીના શેર રૂ. 2,311 પર બંધ

મુંબઈ, તા. 21: વેલસ્પન કોર્પોરેશનને 1.8 બિલિયન ડોલરના યુએસ પાઈપ ઓર્ડર પછી વેલસ્પન કોર્પના શેર 15 ટકાથી વધુ વધ્યો હતો અને એકસમયે રૂ. 2348 પહોચ્યો હતો અને અંતે રૂ. 306.70 વધી રૂ. 2311.90એ બંધ રહ્યો હતો. આ ઓર્ડર અત્યાસુધીનો સૌથી મોટો કરાર છે. વેલસ્પને ગ્રાહક, સપ્લાય કરવાના જથ્થા અથવા કયા પ્રકારની પાઈપનો ઓર્ડર હોવાનો ખુલાસો કર્યો નથી. આ ઓર્ડરથી વેલસ્પનની વૈશ્વિક ઓર્ડર બુક રેકોર્ડ $4.4 બિલિયન પર પહોંચી ગઈ છે.

"આ ઓર્ડર કંપનીની ઓર્ડર બુકને નોંધપાત્ર રીતે મજબૂત બનાવે છે, આગામી વર્ષોમાં આવકની સારી જાણકારી રહે છે, અને કંપનીના કામકાજનું સ્કેલ, ગુણવત્તા અને કામ પૂરું કરવાની ક્ષમતા અંગે પુષ્ટિ આપે છે," કંપનીએ જણાવ્યું હતું.

ભારતની બહાર અમેરિકા વેલસ્પનનું સૌથી મોટું બજાર છે, જે માર્ચ 2026 માં પૂરા થયેલા નાણાકીય વર્ષમાં તેની આવકના 27.2 ટકા હિસ્સો ધરાવે છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૫ | ૭૫/૩૬ '' | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૩૬ '' | ૧૪૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૬૦ |
| **લોકલ** | | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૫૯ | **ગાર્ડન** | |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૫૪ | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧.૨૫ |
| ૬૮/૩૬ | ૧૫૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૮ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૬ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૫૫.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૭ | ૧૦૦ ટેક્ષ | ૧૪૭ | ૬૮ ક્રિમ્પ | ૧૫૨ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૮ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૭.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ રોટો | ૧૫૪.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૮.૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૫૩ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૬૦ | ૮૦ ક્રિમ્પ | ૧૪૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૫૪ | ૧૬૦ ડીસ્કેટ | ૧૬૦ | ૮૦/૭૨ રોટો | ૧૫.૫ |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૪૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| | | ૮૦/૧૦૮ '' | ૧૫૩ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૫૨ |

# જેપી મોર્ગનના 'ઓવરવેઈટ' રેટિંગથી ગોલ્ડ લોન શેરોમાં તોફાની તેજીનો ચમકારો

**IIFL, મુથૂટ** અને મણપ્પુરમ ફાઇનાન્સના શેરો 8% સુધી ઉછળ્યા

મુંબઈ, તા. 21: ગોલ્ડ લોન કંપનીઓના શેરમાં તોફાની ઉછાળો જોવા મળ્યો હતો. આનું કારણ એ છે કે વિદેશી બ્રોકરેજ કંપની જેપી મોર્ગને આઈઆઈએફએલ ફાઈ., મુથુટ ફાઈ., અને મન્નાપુરમ ફાઈ.ના શેરને આવરી લેવાનું શરૂ કર્યુ છે. આ શેરોને બ્રોકરેજ હાઉસીસે ઓવરવેઈટ રેટિંગ આપ્યું છે.

આઈઆઈએફએલ ફાઈ., મુથુટ ફાઈ., અને મણિપુરમ ફાઈ.ના શેરમાં 2 ટકાથી 8 ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. આઈઆઈએફએલ ફાઈ.ના શેરમાં સૌથી વધુ 7.26 ટકાનો વધારો જોવા મળ્યો હતો. આનાથી શેરની કિંમત રૂ. 682.90 થઇ ગઇ છે. જેપી મોર્ગન આઈઆઈએફએલના શેર માટે 750ની ટાર્ગેટ પ્રાઈસ આફી છે. આનો અર્થ છે કે 18 ટકા વધી શકે છે.

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૫૩૦૦ |
| તેજાબી સોનું | ૧૬૫૨૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૭૦૩૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૬૧૯૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૫૩૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૩૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૪૫૦૦ |

**જથ્થાબંધ ખાંડબજાર** — પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-30 | ૫૨૦૦ |
| એસ-30 | ૫૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૧૦૦ |
| એસ-30 | ૫૦૦૦ |

**તેલ બજાર સુરત** — ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |


RAJHANS® ગોપીતળાવ નવસારી બજાર, સુરત

બુધવાર તા. ૨૬મી થી



ટોક્સિક — યશ, કિયારા અડવાણી, નયનતારા

આવારાપન - 2 — ૧૦.૦૦, ૧૧.૩૦, ૧૨.૪૫, ૨.૧૫, ૩.૩૦, ૫.૦૦, ૬.૧૫, ૭.૪૫, રાત્રે : ૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૪૦

બટવારા 1947 — ૧૧.૪૫, ૪.૪૫

INSIDIOUS (હિન્દી) : ૨.૩૦, ૭.૩૦

થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.



APPLE CINEMA — ★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર

કફી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007

Book Tickets Now from : bookmyshow.com paytm ◎: @applecinemasurat

બુધવાર તા. ૨૬મીથી



ટોક્સિક — યશ * કિયારા અડવાણી * નયનતારા

સુપરડુપર હીટ ફિલ્મ

આવારાપન - 2 — ઇમરાન હાસ્મી, ઇશા પટની — ૮.૫૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૩૦, ૧૨.૧૫, ૧.૧૫, ૨.૧૦, ૩.૨૫, ૪.૫૦, ૫.૪૫, ૬.૪૫, ૭.૨૫, રાત્રે: ૮.૨૫, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૦૦

બટવારા 1947 — ૯.૦૦, ૧૧.૪૫, ૧૨.૪૦, ૩.૦૦, ૪.૦૦, ૫.૧૫, ૬.૧૫, રાત્રે ૮.૦૦, ૧૦.૧૦. ૧૦.૪૫

INSIDIOUS (હોરર) (હિન્દી) — ૯.૩૦, ૧૨.૦૦, ૨.૦૦, ૫.૧૫, રાત્રે : ૯.૩૦

સ્પાઈડર મેન (હિન્દી) ૯.૨૦, ૨.૩૫, ૪.૦૦, ૭.૨૦, રાત્રે : ૧૦.૦૦

ગેટ સેટ ગો — ગુજરાતી : ૯.૦૦, ૨.૩૦

1942 લવસ્ટોરી (રીરીલીઝ): ૧૧.૪૫, ૬.૪૦

હીપ હીપ હુરે (ગુજરાતી) ૯.૩૫, ૨.૧૦, ૭.૨૫

મારણ (ગુજરાતી) ૧૧.૩૫, ૪.૫૦



**વલસાડ નગરપાલિકા વલસાડ તરફથી ટેન્ડર જાહેર નિવિદા**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, વલસાડ નગરપાલિકાની વિવિધ શાખામાં આઉટ સોસિંગથી સ્ટાફ પૂરા પાડવાના કામે એજન્સી ઓ પાસે થી ઈ-ટેન્ડર મંગાવવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગત વલસાડ નગરપાલિકા કચેરી ખાતે અને વેબસાઈટ www.nprocure.com પરથી તા:૨૪/૦૮/૨૦૨૬ થી જોવા મળશે. ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઈન ભરવાની છેલ્લી તા:૦૮/૦૯/૨૦૨૬ ના રોજ સાંજે ૦૬:૦૦ કલાકે રહેશે. તેમજ અન્ય દસ્તાવેજો રજી.પો.એડી. થી મોકલવાની છેલ્લી તા:૧૧/૦૯/૨૦૨૬ તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવિત તા:૧૫/૦૯/૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ કલાકે ખુલ્લા કરવામાં આવશે. વધુ વિગત માટે નગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરવાથી જરૂરી માહિતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હક્કો નગરપાલિકાના અબાધિત રહેશે. ટેન્ડર મંજૂર કરવા કે નામંજૂર કરવાની સત્તા નગરપાલિકાને રહેશે, જેના કોઈ કારણો જણાવવામાં આવશે નહીં. ટેન્ડર ડોક્યુમેન્ટના કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે.

| અ.નં | કામનું નામ | ટેન્ડર ફી અને બાનાની રકમ |
|---|---|---|
| ૧ | વલસાડ નગરપાલિકાની વિવિધ શાખાઓ માટે જરૂરી સ્ટાફ આઉટ સોસિંગ એજન્સી મારફત પૂરા પાડવાના કામ બાબત. | ૫૦૦૦/- (પાંચ હજાર) / ૧૦૦૦૦૦/- (એક લાખ) |

ચીફ ઓફિસર વલસાડ નગરપાલિકા — ન.માહિતી/વલસાડ/૩૩૫/૨૦૨૬ — પ્રમુખ વલસાડ નગરપાલિકા



TORRENT POWER

**વીજપ્રવાહ બંધ રહેવા બાબત**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૨૪-૦૮-૨૦૨૬, સોમવાર : સુરમાવાડ (રૂસ્તમપુરા), બહુચર નગર (વેડ રોડ), કૃષ્ણાનગર સોસાયટી (વેડ રોડ)
- ૨૫-૦૮-૨૦૨૬, મંગળવાર: ઉમરવાડા સ્કૂલ (સી સ્ટેશનની પાછળ), પ્રમુખ (વસ્તાદેવડી)
- ૨૬-૦૮-૨૦૨૬, બુધવાર : કે.જી. જીઆઈડીસી ઈન્ડ. 5/3, આશાપુરી કોમ્પલેક્ષ (ગોટાલાવાડી)
- ૨૭-૦૮-૨૦૨૬, ગુરુવાર : ઓમ નમઃ શિવાય- વસ્તાદેવડી, કોહિનૂર ટેક્સટાઈલ હાઉસ
- ૨૯-૦૮-૨૦૨૬, શનિવાર : નીલકંઠ ઈન્ડ. નં.૬ (વેડ રોડ)

અસુવિધા બદલ દિલગીર છીએ

અમારી WhatsApp સેવા, આપને વધુ સુવિધા 8141970070 પર 'Hi' લખી મોકલાવો પાવર, બીલ, અન્ય જાણકારી તથા ચૂકવણી કરો

હેલ્પ લાઈન નં. 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912
પોર્ટલ : connect.torrentpower.com અને મોબાઈલ એપ : Torrent Power Connect



બુધવાર તા. ૨૬મી થી....

એકશન, સંવાદ, હીટ મ્યુઝીક



ટોકિસક — યશ, કિયારા અડવાણી, હુમા કુરેશી, નયનતારા, તારા સુતરીયા

RUPAM CINEMA

એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

આવારાપન-2 / બટવારા 1947 — બન્નેના સમય : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦


# ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની સેક્રેટરી નતાલી હાર્પ વચ્ચેના ગાઢ સંબંધો ચર્ચાનો મુદ્દો બન્યા છે



**દુધ પોઇન્ટ — સંજય વોરા**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની આસપાસ ઘણી શક્તિશાળી હસ્તીઓ છે, પરંતુ ૩૫ વર્ષીય ફૂટડી યુવતી નતાલી હાર્પની ભૂમિકા કાંઈક અલગ છે. નતાલી કેમેરા પર કામ કરતી નથી, તેમ છતાં તે ડોનાલ્ડ ટ્રમ્પની આસપાસ કાયમ હાજર રહે છે. નતાલી ઓવલ ઓફિસથી મરીન વન સુધી રાષ્ટ્રપતિ સાથે રહે છે. ખાસ કરીને ભૂતપૂર્વ પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટના ગયા પછી વ્હાઇટ હાઉસમાં નાતાલી હાર્પનું મહત્ત્વ અચાનક વધી ગયું છે. નાતાલી હાર્પ ડોનાલ્ડ ટ્રમ્પને માહિતી એકત્રિત કરવામાં, વિશ્વના નેતાઓ સાથે સંદેશાઓનું આદાનપ્રદાન કરવામાં અને સોશિયલ મીડિયા પોસ્ટ તૈયાર કરવામાં મદદ કરે છે. તે મોડી રાત સુધી ડોનાલ્ડ ટ્રમ્પ સાથે કામ કરે છે અને રવિવારે રજા પણ લેતી નથી. નતાલી પોતાની સાથે એક પોર્ટેબલ પ્રિન્ટર પણ રાખે છે, જેના કારણે તેને વ્હાઇટ હાઉસમાં હ્યુમન પ્રિન્ટર તરીકે ઓળખવામાં આવે છે. એક હેવાલ મુજબ ડોનાલ્ડ ટ્રમ્પનાં એડલ્ટ ડાયપર બદલવાની જવાબદારી પણ નતાલી હાર્પને સોંપવામાં આવી છે.

નાતાલી હાર્પ ડોનાલ્ડ ટ્રમ્પને સોશિયલ મીડિયા અને બહારની દુનિયાના અપડેટ પ્રદાન કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તાજેતરમાં મળી આવેલા પત્રોમાં નતાલીએ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રત્યેની પોતાની ઊંડી ભક્તિ વ્યક્ત કરી હતી. તેણે સ્વીકાર્યું હતું કે તે તેમની સાથે કામ કરતી વખતે ખાવાનું, પીવાનું અને સૂવાનું પણ ભૂલી જતી હતી. મે ૨૦૨૩ માં સ્કોટલેન્ડની મુલાકાત દરમિયાન ટ્રમ્પને લખેલા એક પત્રમાં તેણે તેમની વચ્ચે બધું હંમેશા સારું રહે તેવી ઇચ્છા વ્યક્ત કરી હતી.

તાજેતરમાં ઈરાનના હુમલાના ભય વચ્ચે તુર્કીમાં ડોનાલ્ડ ટ્રમ્પને હેમખેમ બહાર કાઢવાના અત્યંત ગુપ્ત ઓપરેશન દરમિયાન નતાલીની ભૂમિકા પણ સામે આવી હતી. આ ઓપરેશન માટે વિમાનના કેટરિંગ કન્ટેનરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ટ્રમ્પ ત્યારે પોતાનાં વિમાનમાં જે અંગત લોકોને પોતાની સાથે લઈ ગયા તેમાં નતાલીનો પણ સમાવેશ થતો હતો. તે વિમાનમાં ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની તત્કાલીન પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટને બદલે નતાલી હાર્પને સાથે રાખી તેને કારણે લેવિટે નારાજ થઈને રાજીનામું આપી દીધું હતું. નતાલીના કારણે ટ્રમ્પના મેલેનિયા સાથેના સંબંધો પણ તાણ હેઠળ આવી ગયા છે. જો કે, બંને વચ્ચે પ્રેમસંબંધની પુષ્ટિ થઈ નથી.

નતાલી હાર્પ પહેલી વાર ૨૦૨૦ માં ડોનાલ્ડ ટ્રમ્પના નજીકનાં વર્તુળમાં જોડાઈ હતી. તેણે તે વર્ષે રિપબ્લિકન નેશનલ કન્વેન્શનમાં ભાષણ આપ્યું હતું અને ડોનાલ્ડ ટ્રમ્પને પોતાનો જીવ બચાવવાનો શ્રેય આપ્યો હતો. તેણે દાવો કર્યો હતો કે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રાઈટ ટુ ટ્રાય એક્ટ પર હસ્તાક્ષર કરવાથી તેને હાડકાંના કેન્સર માટે પ્રાયોગિક સારવાર મળી હતી. ત્યારબાદ હાર્પે ટીવી નેટવર્ક વન અમેરિકા ન્યૂઝમાં હોસ્ટ તરીકે કામ કર્યું. ૨૦૨૨ માં તે ફરીથી ડોનાલ્ડ ટ્રમ્પની ચૂંટણી ઝુંબેશમાં જોડાઈ. ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા પછી નતાલી હાર્પ સત્તાવાર રીતે વ્હાઇટ હાઉસ સ્ટાફનો ભાગ બની હતી. ડોનાલ્ડ ટ્રમ્પની ટીમમાં જોડાયા પછી હાર્પ ધીમે ધીમે રાષ્ટ્રપતિ ટ્રમ્પની ગેટકીપર બની ગઈ. તેણે છાપેલા સમાચાર, અહેવાલો, મતદાન ડેટા અને તેમના નજીકના સહયોગીઓના સંદેશાઓ ટ્રમ્પ સુધી પહોંચાડ્યા. ટ્રમ્પના નજીકના સહયોગીઓએ તેણીને માનવ પ્રિન્ટરનું ઉપનામ પણ આપ્યું. આ બાબતથી પરિચિત લોકોના જણાવ્યા મુજબ, વ્હાઇટ હાઉસના કેટલાક વરિષ્ઠ સ્ટાફે હાર્પની ડોનાલ્ડ ટ્રમ્પ સુધી ૨૪ કલાકની પહોંચ મર્યાદિત કરવાનો પ્રયાસ કર્યો. જો કે, આ પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નજીકની સહાયક નતાલી હાર્પ અંગે વ્હાઇટ હાઉસમાં સુરક્ષાની ચિંતાઓ વધી ગઈ છે. ચર્ચા થઈ રહી છે કે નતાલી હાર્પે એક વર્ષથી વધુ સમયથી વેસ્ટ વિંગના કર્મચારીઓ માટે જરૂરી નિયમિત સુરક્ષા મંજૂરી પ્રક્રિયા પૂર્ણ કરી નથી, કારણ કે ડોનાલ્ડ ટ્રમ્પના તેના પર ચાર હાથ છે. આ બાબતથી પરિચિત લોકોના મતે નતાલી હાર્પની ટ્રમ્પ સાથેની નિકટતા લગભગ ચોવીસ કલાકની રહેવાથી વેસ્ટ વિંગના વરિષ્ઠ સ્ટાફમાં રોષ અને ચિંતા ફેલાઈ છે. સુરક્ષા મંજૂરી પ્રક્રિયામાં સામેલ એક અધિકારીના જણાવ્યા અનુસાર, જરૂરી કાગળકામ પૂર્ણ કરવા માટે નતાલી હાર્પને ઘણો સમય આપવામાં આવ્યો હતો. આ પ્રક્રિયામાં SF-86 નામનું ફોર્મ ભરવાની જરૂર પડે છે, જેમાં વ્યક્તિનાં અગાઉનાં સરનામાં, નાણાંકીય ઇતિહાસ અને વિદેશી સંપર્કો જેવી માહિતી સામેલ હોય છે. આ માહિતીનો ઉપયોગ ફેડરલ પૃષ્ઠભૂમિ તપાસ શરૂ કરવા માટે થાય છે. જોકે, થોડા મહિના પહેલાં તેણે ઔપચારિક ફેડરલ પૃષ્ઠભૂમિ તપાસ માટે જરૂરી દસ્તાવેજો સબમિટ કર્યા હતા અને સુરક્ષા માટેની મંજૂરી મેળવી લીધી હતી.

આ બાબતથી પરિચિત લોકોના મતે નતાલી હાર્પ દ્વારા ક્લિયરન્સ પ્રક્રિયા પૂર્ણ કરવામાં નિષ્ફળતાએ વ્હાઇટ હાઉસના કાનૂની સલાહકારો અને સુરક્ષા અધિકારીઓમાં ચિંતા ઊભી કરી હતી. ત્યાર બાદ ડોનાલ્ડ ટ્રમ્પે વ્યક્તિગત રીતે હસ્તક્ષેપ કર્યો તે પછી નતાલી હાર્પે કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરી હતી.

એક રાષ્ટ્રીય સુરક્ષા અધિકારીએ ચિંતા વ્યક્ત કરી હતી કે રાષ્ટ્રપતિના સત્તાવાર નિવાસસ્થાન અને વેસ્ટ વિંગમાં ટ્રમ્પ સાથે નતાલી હાર્પની સતત હાજરી તેને અત્યંત સંવેદનશીલ માહિતી સુધી પહોંચ આપે છે, જેનો અન્ય ઘણા વરિષ્ઠ અધિકારીઓ પાસે અભાવ હતો.

આ અઠવાડિયે જ્યોર્જિયાના સેનેટર જોન ઓસોફે એક ભાષણ દરમિયાન નતાલી હાર્પના નામનો ઉલ્લેખ કરીને તેને ફરીથી ચર્ચામાં લાવી હતી. ડેમોક્રેટ સાંસદ ઓસોફ વારંવાર ટ્રમ્પની ટીકા કરે છે. તેમનું ભાષણ પાછળથી સોશિયલ મીડિયા પર વાયરલ થયું. ઓસોફે કતારના અમીરે ડોનાલ્ડ ટ્રમ્પને ભેટમાં આપેલા ઉડતા મહેલ તરીકે ઓળખાતાં દેખીતી રીતે અસુરક્ષિત બોઈંગ ૭૪૭ વિમાનમાં નતાલી સાથે ડોનાલ્ડ ટ્રમ્પની સફર પર નિશાન સાધ્યું હતું. અહેવાલો મુજબ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા મહિને તુર્કી જતાં સમયે ગુપ્ત રીતે વિમાનો બદલ્યાં ત્યારે નતાલી હાર્પ તેમના વિમાનમાં જનારા અંગત લોકોના નાના જૂથમાં સામેલ હતી. આ અઠવાડિયાની શરૂઆતમાં જ્યારે સીએનએનના એક પત્રકારે ડોનાલ્ડ ટ્રમ્પને ઓસોફની ટિપ્પણીઓ વિશે પ્રશ્ન કર્યો, ત્યારે વ્હાઇટ હાઉસે પાછળથી તેના સત્તાવાર X એકાઉન્ટ પર આક્રોશ વ્યક્ત કર્યો અને કહ્યું કે સીએનએનના રિપોર્ટર ક્રિસ્ટન હોમ્સે વ્હાઇટ હાઉસના એક સ્ટાફર પર ઘૃણાસ્પદ હુમલો કર્યો હતો.

વ્હાઇટ હાઉસમાં પત્રકારો ઘણીવાર નતાલીને ઓવલ ઓફિસમાં ડોનાલ્ડ ટ્રમ્પથી થોડા ફૂટ દૂર ઊભી રહેલી અથવા તેમની ઘણી સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય યાત્રાઓ માટે એર ફોર્સ વન વિમાનમાં ચઢતી જુએ છે. હાર્પ સોશિયલ મીડિયા પર ડોનાલ્ડ ટ્રમ્પ માટે ટાઇપ કરે છે અને તેમના ટ્રુથઆઉટ સોશિયલ એકાઉન્ટ પર તેમના વતી પોસ્ટ કરે છે. સેનેટર જોન ઓસોફની ટિપ્પણીઓ પછી વ્યાપકપણે શેર કરાયેલ એક ફોટોમાં નતાલી હાર્પ કમલા હેરિસનાં ૨૦૨૪ નાં ભાષણને જોતી વખતે ડોનાલ્ડ ટ્રમ્પની પોતાની લેખન શૈલીમાં પોસ્ટ ટાઇપ કરતી જોવા મળી હતી.

ઓસોફ ટ્રમ્પના ઘણા ટીકાકારોમાંના એક હતા જેમણે નિર્દેશ કર્યો હતો કે હાર્પ ડોનાલ્ડ ટ્રમ્પ તુર્કી જવા માટે જે વિમાનમાં ચઢ્યા હતા તેમાં હતી. એવું કહેવામાં આવ્યું હતું કે અમેરિકાને ઈરાન તરફથી ખતરાની માહિતી મળ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે આ વિમાન લીધું હતું. ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રપતિપદ પર અહેવાલ આપનાર પત્રકાર હેબરમેનને ન્યૂઝ નેટવર્ક પર એક કાર્યક્રમ દરમિયાન પૂછવામાં આવ્યું હતું કે ટ્રમ્પ હાર્પને તે ગુપ્ત વિમાનમાં પોતાની સાથે કેમ લઈ ગયા હતા? આના જવાબમાં તેમણે કહ્યું કે કોઈ સારા શબ્દના અભાવે, નતાલી તેમના માટે એક પ્રકારનો આરામદાયક ધાબળો છે.

પત્રકાર મેગી હેબરમેન અને જોનાથન સ્વાનના પુસ્તક 'રેજીમ ચેન્જ'માં ટ્રમ્પ અને નતાલી વચ્ચે અસામાન્ય સંબંધ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. નતાલીના અલગ થયેલા ભાઈ પ્રેસ્ટન હાર્પે મીડિયા ઇન્ટરવ્યુમાં આરોપ લગાવ્યો હતો કે નતાલીના ટ્રમ્પ સાથે ખૂબ જ અતંદુરસ્ત સંબંધો હતા. તે ટ્રમ્પ માટે એક ફેન ક્લબની જેમ કામ કરતી હતી. ડોનાલ્ડ ટ્રમ્પ સાથે નતાલીના ગાઢ સંબંધો અંગેના પ્રશ્નો વચ્ચે વ્હાઇટ હાઉસે આ દાવાઓને ફગાવી દીધા છે અને તેને ટ્રમ્પની ટીમની સૌથી વફાદાર અને મહેનતુ સભ્ય ગણાવી છે. ડોનાલ્ડ ટ્રમ્પ વિશેનાં પુસ્તકમાં થયેલા ખુલાસાઓથી અમેરિકન રાજકારણ ગરમાયું છે. લોકો તેમના સંબંધો પર સવાલો ઉઠાવી રહ્યા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**નાતાલી હાર્પ ડોનાલ્ડ ટ્રમ્પને માહિતી એકત્રિત કરવામાં, વિશ્વના નેતાઓ સાથે સંદેશાઓનું આદાનપ્રદાન કરવામાં અને સોશિયલ મીડિયા પોસ્ટ તૈયાર કરવામાં મદદ કરે છે**

### ટ્રેડર્સની સંખ્યા ઘટી છતાં સરેરાશ નુકસાન વધ્યું

# F&O ટ્રેડિંગમાં 88% રિટેલ ટ્રેડર્સને રોવાનો વારો

**રૂ.91,685** કરોડનું નુકસાન!

**ઓપ્શન** ટ્રેડિંગમાં નાના રોકાણકારોએ કમાણી ગુમાવી; અલ્ગો ટ્રેડિંગ અને મોટા કોર્પોરેશનોએ હજારો કરોડનો નફો રળ્યો

**બ્રોકરેજ** અને ચાર્જિસ પેટે જ રૂ.25,000 કરોડ ચૂકવ્યો

મુંબઈ, તા. 21: ભારતીય શેરબજારમાં રાતોરાત ધનવાન બનવાનું સ્વપ્ન જોતા રોકાણકારો માટે બજાર નિયમનકાર સેબીના એક નવા અભ્યાસમાં એક મોટો ખતરો જાહેર કરવામાં આવ્યો છે. ફ્યુચર્સ એન્ડ ઓપ્શન સેગમેન્ટમાં વેપાર કરતા લગભગ 88 ટકા રિટેલ રોકાણકારો નાણાકીય વર્ષ 2025-26માં નોંધપાત્ર નાણાકીય નુકશાનનો સામનો કરી રહ્યા છે. આ બજારની ચમક વચ્ચે સામાન્ય માણસ પોતાની આવક ગુમાવી રહ્યો છે, ત્યારે મોટો કોર્પોરેશનો અને અલ્ગો ટ્રેડીંગમાં રોકાયેલા વિદેશી કંપનીઓ નોંધપાત્ર નફો મેળવી રહી છે.

સેબીના ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક એન્ડ પોલિસી એનાલિસીસના અહેવાલમાં જણાવાયું છે કે નાણાકીય વર્ષ 2026માં રિટેલ વેપારીઓને આશરે રૂ. 91685 કરોડનું કુલ નુકશાન થયું હતું. આ સમયગાળા દરમ્યાન દરેક ટ્રેડર્સને સરેરાશ રૂ. 117 લાખનું નુકશાન થયું હતું. સૌથી ચિંતાજનક વાત એ છે કે આ નુકશાનમાંથી 92 ટકા ફક્ત ઓપ્શન્સ ટ્રેડિંગને કારણે થયું હતું. અભ્યાસ મુજબ 35 ટકા ટ્રેડર્સ પાસે કોઈ ઈક્વિટી શેર નહોતા, જ્યારે 78 ટકા લોકો પાસે રૂ. એક લાખથી ઓછા મુલ્યના પોર્ટફોલિયો હતા. ઓછી મુડી ધરાવતા આ નાના રોકાણકારો કુલ નુકશાનના 70 ટકા માટે જવાબદાર હતા.